કોહલીનો RCB સાથીઓને હુંકાર: હવે ટાઈટલ બચાવવાનો સમય

વેંકટેશ અય્યર સહિતના નવા ખેલાડીઓ સાથે આરસીબીનું પ્રેક્ટીસ સેશન શરૂ

કોહલીએ કહ્યું: ગયા વર્ષ જેવું જ જોશ બતાવો, પોતાનું 120 ટકા યોગદાન આપો

બેંગ્લુરુ, તા. 21 (પીટીઆઈ): રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલીએ શનિવારે પોતાની ટીમના સાથી ખેલાડીઓને અત્યારથી જ સજાગ થઈ જવા અને ટ્રેનિંગ સેશન દરમિયાન એક પણ મિનિટનો બગાડ ન કરવા તાકીદ કરી છે. એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે યોજાયેલા પ્રથમ પ્રેક્ટિસ સેશનમાં ટીમને સંબોધતા કોહલીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ગત વર્ષે જે તીવ્રતાથી આપણે ટાઈટલ જીત્યું હતું, તેને જાળવી રાખવી અત્યંત જરૂરી છે. કોહલીએ કહ્યું, 'છેલ્લા બે-ત્રણ વર્ષની સખત મહેનત પછી આપણે ગયા વર્ષે જે સિદ્ધિ મેળવી છે, તેને જાળવી રાખવી હવે વધુ મુશ્કેલ બનશે કારણ કે અન્ય ટીમો આપણી સામે પૂરી તાકાતથી મેદાનમાં ઉતરશે. આપણે આ દિવસોનો બગાડ કરવાનો નથી, હંમેશા અન્ય ટીમો કરતા આગળ રહેવાનું છે. તેથી અત્યારથી જ માનસિક રીતે તૈયાર થઈ જાઓ અને પ્રેક્ટિસના દરેક સત્રમાં તમારું 120 ટકા યોગદાન આપો.'

ઉલ્લેખનીય છે કે RCB પોતાની ટાઈટલ ડિફેન્સની સફર 28 માર્ચના રોજ સનરાઈઝર્સ હૈદરાબાદ સામે ઘરઆંગણેથી શરૂ કરશે. ટીમના હેડ કોચ એન્ડી ફ્લાવરે હરાજી બાદ તૈયાર થયેલી નવી ટીમ અંગે સંતોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, વેંકટેશ અય્યર, મંગેશ યાદવ, જોર્ડન કોક્સ, વિકી ઓસ્તવાલ અને સાત્વિક દેસવાલ જેવા નવા ખેલાડીઓના આવવાથી ટીમ વધુ મજબૂત બની છે. ફ્લાવરે ઉમેર્યું કે, 'આ વર્ષે એક મોટો તફાવત એ છે કે આપણી જર્સી પર 'સ્ટાર' (ચેમ્પિયનનું પ્રતીક) છે, જે દરેક RCB ફેન્સ માટે ગર્વની વાત છે. પરંતુ એ સિઝન હવે પૂરી થઈ ગઈ છે, હવે આપણી સામે નવો પડકાર છે અને અમે આ વર્ષે પણ IPL જીતવા માટે તૈયાર છીએ.' વિકેટકીપર જીતેશ શર્માએ પણ ટીમમાં નવા અને જૂના ખેલાડીઓ વચ્ચેના સકારાત્મક વાતાવરણ અને પ્રેક્ટિસને લઈને ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.

ઓર્લિયન્સ માસ્ટર્સ: તન્વી શર્મા સેમીફાઈનલમાં ઓકુહારા સામે હારી

ઓર્લિયન્સ, તા. 21 (પીટીઆઈ): ભારતીય બેડમિન્ટનની ઉભરતી ખેલાડી 17 વર્ષીય તન્વી શર્માનું ઓર્લિયન્સ માસ્ટર્સ સુપર-300 ટુર્નામેન્ટમાં અભિયાન સમાપ્ત થયું છે. શનિવારે રમાયેલી મહિલા સિંગલ્સની સેમીફાઈનલમાં તન્વીનો સામનો જાપાનની પૂર્વ વર્લ્ડ ચેમ્પિયન નોઝોમી ઓકુહારા સામે થયો હતો, જેમાં તેનો 9-21, 16-21થી પરાજય થયો હતો. 35 મિનિટ સુધી ચાલેલી આ મેચમાં વર્લ્ડ જૂનિયર સિલ્વર મેડલ વિજેતા તન્વીએ લય મેળવવા માટે સંઘર્ષ કરવો પડ્યો હતો અને અનેક ભૂલો કરી હતી. પ્રથમ ગેમમાં 31 વર્ષીય ઓકુહારાએ પોતાના અનુભવનો ઉપયોગ કરી તન્વી પર દબાણ બનાવ્યું અને 21-9 થી સરળતાથી જીત મેળવી હતી. બીજી ગેમમાં કોચ પાર્કની સલાહ બાદ તન્વીએ લડત આપવાનો પ્રયાસ કર્યો અને એક સમયે સ્કોર 12-12 ની બરાબરી પર લાવી દીધો હતો.

ભારત ઈંગ્લેન્ડ પ્રવાસ પહેલા આયર્લેન્ડમાં બે T-20 મેચ રમશે

ભારત 20 જૂન સુધી અફઘાનિસ્તાન સામે ટેસ્ટ અને વન-ડે શ્રેણી રમ્યા બાદ આયર્લેન્ડ જશે

નવી દિલ્હી, તા. 21 (પીટીઆઈ): વર્તમાન ટી-20 વર્લ્ડ ચેમ્પિયન ભારત જૂન મહિનામાં આયર્લેન્ડના પ્રવાસે જશે, જ્યાં તે 26 અને 28 જૂનના રોજ બે ટી-20 આંતરરાષ્ટ્રીય મેચ રમશે. BCCIએ શનિવારે આ શ્રેણીની સત્તાવાર જાહેરાત કરી છે. આ બંને મેચો બેલફાસ્ટમાં યોજાશે, જ્યાં ભારતીય ટીમ 2007 પછી પહેલીવાર રમતી જોવા મળશે. અગાઉ ભારતે 2018, 2022 અને 2023માં આયર્લેન્ડનો પ્રવાસ કર્યો હતો, પરંતુ તે મેચો ડબ્લિનમાં રમાઈ હતી.

BCCI સચિવ દેવજીત સૈકિયાએ જણાવ્યું કે આ પ્રવાસ ઈંગ્લેન્ડ સામેની વ્હાઇટ-બોલ સિરીઝ પહેલા યોજાશે. ભારત 20 જૂન સુધી અફઘાનિસ્તાન સામે ટેસ્ટ અને વન-ડે શ્રેણી રમ્યા બાદ આયર્લેન્ડ જશે. આયર્લેન્ડ માટે આ શ્રેણી મહત્વની છે કારણ કે તેમના કેપ્ટન પોલ સ્ટર્લિંગે પદ છોડવાનો નિર્ણય કર્યો છે, અને નવા કેપ્ટન ભારત જેવી મજબૂત ટીમ સામે પોતાની નવી રણનીતિ સાથે શરૂઆત કરશે. આ પ્રવાસ બાદ ભારતીય ટીમ 1 જુલાઈથી 19 જુલાઈ દરમિયાન ઈંગ્લેન્ડમાં પાંચ ટી-20 અને ત્રણ વન-ડે મેચોની શ્રેણી રમશે.

મહિલા એશિયન કપ: જાપાન ત્રીજી વખત બન્યું ચેમ્પિયન

જાપાનની સ્ટાર ખેલાડી માઈકા હમાનોએ મેચની શરૂઆતમાં કરેલા ગોલની મદદથી જાપાને 1-0થી જીત મેળવી

સિડની, તા. 21 (એપી): શનિવારે સિડનીના સ્ટેડિયમ ઓસ્ટ્રેલિયા ખાતે રમાયેલી રોમાંચક ફાઈનલમાં જાપાને યજમાન ઓસ્ટ્રેલિયાને 1-0 થી હરાવીને મહિલા એશિયન કપનું ટાઈટલ જીતી લીધું છે. જાપાનની 21 વર્ષીય સ્ટાર ખેલાડી માઈકા હમાનોએ મેચની 17મી મિનિટે બોક્સની બહારથી શાનદાર ગોલ કરીને પોતાની ટીમને જીત અપાવી હતી.

મેચની અંતિમ ક્ષણોમાં ઓસ્ટ્રેલિયાએ બરાબરી કરવા માટે ભારે દબાણ બનાવ્યું હતું, પરંતુ જાપાનના મજબૂત ડિફેન્સ સામે તેઓ ગોલ કરવામાં નિષ્ફળ રહ્યા હતા. આ જીત સાથે જાપાને છેલ્લા ચાર એશિયન કપમાંથી ત્રણમાં વિજય મેળવીને એશિયામાં પોતાનું પ્રભુત્વ સાબિત કર્યું છે. જાપાને અગાઉ 2014 અને 2018માં પણ ઓસ્ટ્રેલિયાને ફાઈનલમાં હરાવીને ટાઈટલ જીત્યા હતા.

આ ટુર્નામેન્ટની ટોચની છ ટીમોએ હવે આવતા વર્ષે બ્રાઝિલમાં યોજાનારા મહિલા ફૂટબોલ વર્લ્ડકપ માટે ક્વોલિફાય કરી લીધું છે.

આ ટુર્નામેન્ટ મધ્ય પૂર્વના યુદ્ધ અને ઈરાનની ટીમની ભાગીદારીને કારણે પણ વિશ્વભરમાં ચર્ચામાં રહી હતી. ઈરાનની ટીમ યુદ્ધ શરૂ થાય તે પહેલા જ ઓસ્ટ્રેલિયા પહોંચી ગઈ હતી, જેના કારણે તેઓ રમી શક્યા હતા. ઈરાની પ્રતિનિધિમંડળના સાત સભ્યોએ શરૂઆતમાં ઓસ્ટ્રેલિયામાં શરણ માગી હતી, જોકે તેમાંથી બે સિવાયના તમામ સભ્યો હવે સ્વદેશ પરત ફર્યા છે.

KKRને વધુ એક ફટકો, આકાશ દીપ ઈજાગ્રસ્ત

કેકેઆર પહેલાંથી જ હર્ષિત રાણા અને શ્રીલંકન બોલર મથીશા પથિરાનાની ઈજાથી પરેશાન છે

આકાશ દીપ અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચ પણ ગુમાવી શકે છે

કોલકાતા, તા. 21 (પીટીઆઈ): આઈપીએલ 2026ની શરૂઆત પહેલા જ કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)ની મુશ્કેલીઓમાં વધારો થયો છે. ટીમના મુખ્ય ભારતીય ફાસ્ટ બોલર આકાશ દીપ પીઠના નીચેના ભાગમાં 'સ્ટ્રેસ રિએક્શન'ને કારણે આખી ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે. બીસીસીઆઈના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઈજાને ઠીક થવામાં 8 થી 12 અઠવાડિયાનો સમય લાગી શકે છે, જેનો અર્થ છે કે તે જૂન મહિનામાં અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચ પણ ગુમાવી શકે છે.

KKR માટે આ ઈજા વધુ ચિંતાજનક છે કારણ કે ટીમ પહેલાથી જ હર્ષિત રાણા અને શ્રીલંકન બોલર મથીશા પથિરાનાની ઈજાથી ઝઝૂમી રહી છે. મુસ્તફિઝુર રહેમાનની ગેરહાજરીમાં ટીમે ઝિમ્બાબ્વેના બ્લેસિંગ મુઝારાબાનીને સામેલ કર્યા છે, પરંતુ ભારતીય ફાસ્ટ બોલિંગના વિકલ્પો મર્યાદિત બન્યા છે. હવે ટીમની નિર્ભરતા વૈભવ અરોરા, કાર્તિક ત્યાગી અને ઉમરાન મલિક પર રહેશે.

ઉલ્લેખનીય છે કે કેકેઆર તેની પ્રથમ મેચ 29 માર્ચે મુંબઈ ઈન્ડિયન્સ સામે રમશે.

ક્રિકેટ જગતની હસ્તીઓએ ચાહકોને ઈદની શુભેચ્છા પાઠવી

નવી દિલ્હી, તા. 21: સમગ્ર દેશમાં અત્યારે ઈદના તહેવારની હર્ષોલ્લાસ અને શાંતિપૂર્ણ રીતે ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે ભારતીય ક્રિકેટ જગતના દિગ્ગજોએ પણ ચાહકોને આ ખાસ પર્વની શુભેચ્છાઓ પાઠવી છે. માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરે સોશિયલ મીડિયા દ્વારા સૌને ઈદ મુબારક કહેતા જણાવ્યું કે, વિશ્વાસ, દયા અને ઉદારતાની ભાવના આપણને સૌને સાચો માર્ગ બતાવે. તેમની સાથે જ ભૂતપૂર્વ બેટ્સમેન વી.વી.એસ. લક્ષ્મણે પણ આ દિવસ સૌના જીવનમાં સુખ, સમૃદ્ધિ અને સારું સ્વાસ્થ્ય લાવે તેવી પ્રાર્થના કરી હતી. બીજી તરફ ઈરફાન પઠાણે સમગ્ર પઠાણ પરિવાર વતી મુબારકબાદી પાઠવતા દુઆ કરી કે અલ્લાહ રમઝાનના તમામ રોઝા કબૂલ કરે. જ્યારે યુસુફ પઠાણે આ મુબારક દિવસ જીવનમાં શાંતિ અને ક્યારેય ન ખૂટતી બરકત લાવે તેવો સંદેશ આપ્યો હતો. આ ઉપરાંત, મોહમ્મદ સિરાજ, જહીર ખાન અને મોહમ્મદ કૈફે પણ પરિવાર સાથેની તસવીરો શેર કરી ચાહકોને ઈદની શુભકામનાઓ પાઠવી હતી.

LSGની ટીમે અયોધ્યામાં પ્રભુ શ્રીરામના દર્શન કર્યા

અયોધ્યા, તા. 21: આઈપીએલ 2026ની શરૂઆત પૂર્વે લખનૌ સુપર જાયન્ટ્સ (LSG)ની ટીમે શનિવારે અયોધ્યામાં ભગવાન શ્રી રામલલ્લાના દર્શન કરીને આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે ટીમના માલિક સંજીવ ગોયન્કા અને કેપ્ટન ઋષભ પંત સહિત ખેલાડીઓ અને કોચિંગ સ્ટાફ હાજર રહ્યો હતો. મંદિર પરિસરમાં ટીમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને કડક સુરક્ષા વચ્ચે તમામને નવનિર્મિત મંદિરના દર્શન કરાવવામાં આવ્યા હતા. LSG એ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર આ મુલાકાતની તસવીરો પણ શેર કરી છે.

લખનૌની ટીમ 2022માં લીગ સાથે જોડાઈ હતી, પરંતુ છેલ્લા ચાર વર્ષમાં એક પણ વાર ફાઈનલ સુધી પહોંચી શકી નથી.

ગત સિઝનમાં ઋષભ પંતની આગેવાનીમાં ટીમ સાતમા ક્રમે રહી હતી અને પ્લેઓફમાં જગ્યા બનાવી શકી નહોતી. જોકે, આ વર્ષે LSG નવી જર્સી, નવા લોગો અને મોહમ્મદ શમી જેવા દિગ્ગજ ખેલાડીઓ સાથે મેદાનમાં ઉતરશે.

ટીમને આશા છે કે પંત, નિકોલસ પૂરન, એડન માર્કરમ અને મિશેલ માર્શ જેવા ખેલાડીઓ આ વખતે ટીમને પ્રથમ ખિતાબ જીતાડવામાં મદદરૂપ થશે.

UTT સિનિયર નેશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ

સુરતના માનવ ઠક્કરે ખિતાબ જીત્યો

પુરુષોની ફાઇનલમાં, ટોચના ક્રમાંકિત માનવે જીત ચંદ્રા પર 4-1 થી શાનદાર વિજય મેળવ્યો

સુરત, તા. 21: સુરતના ટેબલ ટેનિસ સ્ટાર PSPB પેડલર્સ માનવ ઠક્કરે 87મી UTT સિનિયર નેશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં અભય પ્રસલ સ્ટેડિયમ ખાતે શાનદાર પ્રદર્શન કરીને પોતાનો પહેલો સિંગલ્સ ટાઈટલ જીત્યો છે.

પુરુષોની ફાઈનલમાં, ટોચના ક્રમાંકિત માનવે જીત ચંદ્રા પર 4-1 થી શાનદાર વિજય મેળવ્યો અને અપેક્ષાઓ પર ખરા ઉતર્યા. PSPB સ્ટારે શરૂઆતથી જ પ્રભુત્વ જમાવ્યું, શરૂઆતની બે ગેમ સરળતાથી જીતી લીધી. જીતે થોડી વાર પછી ત્રીજી ગેમ જીતી લીધી પણ તે સેમિફાઈનલમાં પહોંચવા માટે જે ફોર્મમાં હતો તે દેખાડી શક્યો ન હતો. બાદમાં માનવે ઝડપથી રમત પર નિયંત્રણ મેળવી લીધું, પાંચમી ગેમમાં 11-3થી મેચ જીતીને ટાઈટલની મજબૂત દોડ પૂરી કરી. આ પહેલાં માનવે ભૂતપૂર્વ રાષ્ટ્રીય ચેમ્પિયન અને સુરતના જ હરમીત દેસાઈ પર સીધી રમતોમાં વિજય મેળવીને ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું.

સેમી ફાઈનલ અને ફાઈનલમાં માનવ ઠક્કરનો હાઇ લેવલ પરફોર્મન્સ

-- પુરૂષ સિંગલ્સ: ફાઈનલ: માનવ ઠક્કર (PSPB) બીટ જીત ચંદ્રા (RSPB) 11-2, 11-4, 6-11, 11-9, 11-3.

-- સેમિફાઇનલ : માનવ ઠક્કર બીટ હરમીત દેસાઇ (પીએસપીબી) 11-8, 11-5, 11-7, 11-6; જીત ચંદ્રા બીટ રોનિત ભાંજા (RSPB) 11-8, 11-5, 8-11, 11-4, 7-11, 7-11, 11-7.

રવાન્ડાની 15 વર્ષની બેટર ફાનીએ ડેબ્યુમાં જ સદી ફટકારી ઈતિહાસ રચ્યો

નવી દિલ્હી, તા. 21: લાગોસ: રવાન્ડાની મહિલા બેટર ફાની ઉતાગુશિમાનિન્ડે શુક્રવારે નાઈજીરિયા ઈન્વિટેશનલ વિમેન્સ ટી-20 ટુર્નામેન્ટમાં ઘાના સામે સદી ફટકારીને ઈતિહાસ રચ્યો છે. માત્ર 15 વર્ષ અને 223 દિવસની ઉંમરે સદી કરીને તે ટી-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી નાની વયની સેન્ચુરિયન બની ગઈ છે. ફાનીએ 65 બોલમાં 17 ચોગ્ગાની મદદથી 111 રન બનાવ્યા હતા.

આ સાથે જ તે મહિલા ટી-20 ડેબ્યુમાં સદી ફટકારનારી વિશ્વની પ્રથમ ખેલાડી બની છે. તેણે યુગાન્ડાની પ્રોસ્કોવિયા અલાકો (16 વર્ષ) અને ઓસ્ટ્રેલિયાની કારેન રોલ્ટનનો ડેબ્યુમાં 96 રનનો રેકોર્ડ પણ તોડ્યો છે. ફાનીની આ ઐતિહાસિક ઈનિંગના જોરે રવાન્ડાએ ઘાનાને 122 રનથી હરાવ્યું હતું. પુરુષ ક્રિકેટમાં સૌથી નાની વયે સદીનો રેકોર્ડ ફ્રાન્સના ગુસ્તાવ મેકકિયોનના (18 વર્ષ) નામે છે, જેનાથી પણ ફાની ઘણી નાની ઉંમરની છે. પુરુષોની T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કેનેડાના મેથ્યુ સ્પૂર્સ, સર્બિયાના લેસ્લી ડનબાર, નામિબિયાના જેપી કોત્ઝે અને કેનેડાના રવિન્દરપાલ સિંહ જેવા ખેલાડીઓએ પદાર્પણ (ડેબ્યુ) મેચમાં જ સદી ફટકારી છે, પરંતુ આમાંથી કોઈ પણ ખેલાડી પૂર્ણ-સભ્ય દેશોના નહોતા.

વિમ્બલ્ડનમાં 'વીડિયો રિવ્યુ'નો થશે ઉપયોગ

ખેલાડીઓ હવે ચેર અમ્પાયરના વિશિષ્ટ નિર્ણયો જેમ કે 'ડબલ બાઉન્સ' જેવા કિસ્સાઓમાં રિવ્યુની માગ કરી શકશે

આ ટેકનોલોજીનો ઉપયોગ યુએસ ઓપન અને ઓસ્ટ્રેલિયન ઓપનમાં પણ થઈ રહ્યો છે

લંડન, તા. 21 (એપી): વિશ્વની સૌથી જૂની અને પ્રતિષ્ઠિત ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ વિમ્બલ્ડને શનિવારે એક મહત્વની જાહેરાત કરી છે. આ વર્ષે 29 જૂનથી શરૂ થનારી ટુર્નામેન્ટમાં પ્રથમવાર વીડિયો રિવ્યુ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આ સુવિધા સેન્ટર કોર્ટ, નંબર-1 કોર્ટ સહિત કુલ છ મુખ્ય કોર્ટ પર ઉપલબ્ધ રહેશે. ખેલાડીઓ હવે ચેર અમ્પાયરના વિશિષ્ટ નિર્ણયો, જેમ કે 'ડબલ બાઉન્સ' જેવા કિસ્સાઓમાં રિવ્યુની માગ કરી શકશે.

નોંધનીય છે કે આ ટેકનોલોજીનો ઉપયોગ 2023ના યુએસ ઓપન અને ઓસ્ટ્રેલિયન ઓપનમાં પણ થઈ રહ્યો છે. વિમ્બલ્ડનમાં સિંગલ્સ મેચો માટે કોર્ટ નંબર 2, 3, 12 અને 18 પર પણ આ સુવિધા મળશે. ખાસ વાત એ છે કે ખેલાડીઓ પર રિવ્યુ માગવાની કોઈ મર્યાદા રાખવામાં આવી નથી. આ વીડિયો રિવ્યુ સિસ્ટમ બોલ લાઈનની અંદર છે કે બહાર તે નક્કી કરતી ઈલેક્ટ્રોનિક લાઈન-કોલિંગ સિસ્ટમથી અલગ છે. વિમ્બલ્ડને ગયા વર્ષે જ લાઈન જજની જગ્યાએ ઈલેક્ટ્રોનિક લાઈન-કોલિંગ અપનાવ્યું હતું, અને હવે વીડિયો રિવ્યુ આવવાથી ભૂલોની શક્યતા નહિવત્ થઈ જશે.

નક્વી હેઠળ પાકિસ્તાની ક્રિકેટમાં 'ઝેરી' કાર્યસંસ્કૃતિ: ગેરી કર્સ્ટન

કર્સ્ટને સિસ્ટમમાં સતત થતી દખલગીરી અને વ્યાવસાયિક સન્માનના અભાવને પોતાની વિદાયનું મુખ્ય કારણ ગણાવ્યું

આવી કાર્યશૈલીમાં સફળતા મેળવવી અશક્ય છે

કોલંબો, તા. 21: પાકિસ્તાન વ્હાઈટ-બોલ ટીમના પૂર્વ મુખ્ય કોચ ગેરી કર્સ્ટને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ની કાર્યશૈલી પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. હાલમાં શ્રીલંકાના મુખ્ય કોચ તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ એક ઈન્ટરવ્યુમાં કર્સ્ટને જણાવ્યું કે, મોહસિન નકવીના નેતૃત્વ હેઠળના PCBમાં કામનું વાતાવરણ અત્યંત 'ઝેરી' છે. તેમણે સિસ્ટમમાં સતત થતી દખલગીરી અને વ્યાવસાયિક સન્માનના અભાવને પોતાની વિદાયનું મુખ્ય કારણ ગણાવ્યું હતું. કર્સ્ટને ઉમેર્યું કે આવા વાતાવરણમાં લાંબા ગાળાની સફળતા મેળવવી લગભગ અશક્ય છે.

વર્લ્ડકપ વિજેતા કોચ કર્સ્ટને ઓક્ટોબર 2024માં માત્ર છ મહિનાના ટૂંકા ગાળામાં રાજીનામું આપી દીધું હતું. તેમણે ખુલાસો કર્યો કે બોર્ડ દ્વારા ડ્રેસિંગ રૂમની બાબતોમાં જે સ્તરની દખલગીરી કરવામાં આવતી હતી, તેવી તેમણે અગાઉ ક્યારેય જોઈ નથી. કર્સ્ટનના મતે, જ્યારે ટીમ ખરાબ પ્રદર્શન કરે ત્યારે બોર્ડ વહીવટી નિષ્ફળતાઓ છુપાવવા માટે કોચને 'સોફ્ટ ટાર્ગેટ' બનાવે છે અને તેમના પર બિનજરૂરી નિયંત્રણો લાદે છે. તેમણે સવાલ કર્યો કે જો બોર્ડે આટલી દખલગીરી જ કરવી હોય, તો કોચની નિમણૂક શા માટે કરવામાં આવે છે?

વિવાદ ત્યારે વકર્યો જ્યારે PCBએ સિલેક્શન કમિટીમાંથી કોચના મતદાનનો અધિકાર છીનવી લીધો હતો. આના કારણે ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે ટીમની પસંદગી કે મોહમ્મદ રિઝવાનને કેપ્ટન બનાવવા જેવા નિર્ણયોમાં કર્સ્ટનનો પ્રભાવ નહિવત્ રહ્યો હતો. નોંધનીય છે કે કર્સ્ટન બાદ ટેસ્ટ કોચ જેસન ગિલેસ્પી સાથે પણ આવું જ અપમાનજનક વર્તન થયું હતું, જેને કારણે તેમણે પણ ડિસેમ્બર 2024માં પદ છોડ્યું હતું.

પ્રીમિયર લીગ: ડિફેન્ડિંગ ચેમ્પિયન લિવરપૂલનો પરાજય

માન્ચેસ્ટર યુનાઈટેડની રોમાંચક ડ્રો

લિવરપૂલ હવે પોઈન્ટ ટેબલમાં પાંચમા સ્થાને ફેંકાઈ ગયું

બોર્નમાઉથ, તા. 21 (એપી): શુક્રવાર અને શનિવારના રોજ રમાયેલી પ્રીમિયર લીગની મેચોમાં દિગ્ગજ ટીમો માટે મિશ્ર પરિણામો રહ્યા હતા. બોર્નમાઉથ સામેની મેચમાં માન્ચેસ્ટર યુનાઈટેડે 2-2 થી ડ્રો સ્વીકારવી પડી હતી. યુનાઈટેડના કેપ્ટન બ્રુનો ફર્નાન્ડિઝે શાનદાર પ્રદર્શન કરતા બે ગોલ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી, પરંતુ ટીમમાં વાપસી કરનાર હેરી મેગુવાયરને રેડ કાર્ડ મળતા યુનાઈટેડ મુશ્કેલીમાં મુકાયું હતું. બોર્નમાઉથના જુનિયર કુપીએ અંતિમ ક્ષણોમાં પેનલ્ટી દ્વારા ગોલ કરીને મેચ બરાબરી પર લાવી દીધી હતી. આ ડ્રો સાથે બોર્નમાઉથની ટીમ ટેબલમાં 10મા ક્રમે છે, જ્યારે યુનાઈટેડ ત્રીજા સ્થાને યથાવત છે. બીજી બાજુ, શનિવારે રમાયેલી મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન લિવરપૂલ બ્રાઈટન સામે 2-1થી હારનો સામનો કરતા પોઈન્ટ ટેબલમાં પાંચમા સ્થાને ફેંકાઈ ગયું છે.

આજનું પંચાંગ

તા. 22/03/2026, રવિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** ચૈત્ર
તિથિ: ચોથ 21:18, વિનાયક ચતુર્થી
અયન : ઉત્તરાયન **ઋતુ :** વસંત
રાષ્ટ્રિય દિનાંક : ચૈત્ર-01
યોગ : વૈધૃતિ **કરણ:** વણિજ
નક્ષત્ર : ભરણી 24:44
રાશિ: મેષ (અ.લ.ઇ.) 28:15 પછી વૃષભ (બ.વ.ઉ.)
દિવસ : અશુભ
સુરતમાંસૂર્યોદય:06:43 **સુરતમાંસૂર્યાસ્ત** :18:49
નવકારસી : 07:31
પારસી વર્ષ : 1395 આવાં માસનો 10મો રોજ
મુસલમાન વર્ષ : 1447 શવ્વાલ માસનો બીજો રોજ
દિવસનાં ચોઘડિયાં: ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
રાત્રિનાં ચોઘડિયાં: શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
રાહુ કાળ : સાંજે 16:30 થી તા. 18:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): આવક માટે નવી યોજના બને. શુભ સમાચાર મળે. પરિવાર સાથે મનોરંજન થાય.
વૃષભ (બ,વ,ઉ,): ઉધાર લેવા-દેવાનું ટાળવું. અચાનક ખર્ચા આવે. ગુપ્ત ભય સતાવે. સંતાનોના કામમાં મદદ મળે.
મિથુન (ક,છ,ઘ,): આવક વધે. નવા મિત્રોથી સાવધાન. પ્રેમમાં સાથ મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે.
કર્ક (ડ,હ,): કેરિયરમાં પ્રગતિ. નોકરીમાં સફળતા, આવક વધે. મિત્રો વગેરેની મદદ સમાજમાં મળે.
સિંહ (મ,ટ,): ઉધરાણી આવે. પ્રવાસ આયાત-નિકાસ, ઉચ્ચ શિક્ષણ કાયદા બાબતે પ્રગતિ થાય.
કન્યા (પ,ઠ,ણ,): આંખની કાળજી અને ખાવા પર કાબૂ રાખવો. ઉધરાણીની ચિંતા સતાવે. સરકારી કામ થાય.
તુલા (ર,ત,): ભાગીદારો સાથે નવી યોજના પાર પડશે. ઉમરલાયકના વિવાહ થાય. આવક વધશે.
વૃશ્ચિક (ન,ય,): નોકરીમાં મદદ મળે. આરોગ્ય નરમ રહે. ખર્ચા વધે. ગુપ્ત ભય સતાવે. ઉધાર લેવાનું ટાળવુ.
ધન (ભ,ધ,ફ,ઢ,): વિદ્યાભ્યાસમાં સફળતા મળે. પ્રેમમાં સાથ મળે. સંતાનોના કામમાં પ્રગતિ થાય. આવક વધે.
મકર (ખ,જ,): નોકરીની તક ઊભી થાય. સમાજમાં યસ મળે. ઘરમાં સુખ સગવડના સાધનો આવે.
કુંભ (ગ,સ,શ,ષ,): શત્રુઓ પર વિજય મળે. વિદ્યાર્થીઓને સફળતા મળે. નોકરીમાં પ્રમોશન થાય. મન અશાંત રહે.
મીન (દ,ચ,ઝ,થ,): વાણી પર સંયમ રાખવો. આર્થિક રોકાણમાં ધીરજ રાખવી. ઘરમાં તામમેળ રહે.

કોઈ પણ સાલમાં 22 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ઉત્સાહજનક રહેશે. નોકરીમાં પ્રગતિ, ધંધામાં નવી દિશા વ્યવસાયમાં મદદ મળે. સમાજમાં યસ મળે. આર્થિક બાબતે સામાન્ય રહે. નવી ટેકનોલોજીનો લાભ મળે. આરોગ્ય સામાન્ય રહે. ઉધરાણી આવવાથી નવા રોકાણ સરળ બને. નોકરી-ધંધા વગેરેમાં હરીફોની હેરાનગતિ વધશે. પરિવારની અપેક્ષા વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. સંતાનોના કેરીયર, અભ્યાસમાં અનુકૂળતા રહે. ઉમર લાયકના વિવાહ થાય. વિદેશના કામમા પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે. નવા ઘર, વાહન, મકાનમાં સફળતા રહે. વધારાની આવક મળે. મિત્રો, વડીલો મદદરૂપ બને. વારસા, જમીન જાયદાદ બાબતે સામાન્ય રહે. જૂન-જુલાઇ શનિ, રવિ, સોમ, બુધ 4,13,22,31 તારીખે નવા કામ કરી શકાય. ભૂરા રંગનો ઉપયોગ કરતા રહેવું. નવેમ્બર-ડિસેમ્બર, શનિ, શુક્રવાર 2,16,25 તારીખે નવા કામ ટાળવા. સફેદ રંગનો ઉપયોગ કરવો નહી.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

પ્રદર

પૂજ્ય બાપાજી કહે છે કે પ્રદર એ રોગ નથી. રોગનું લક્ષણ છે. એટલે ચેતી જવું. ગર્ભાશય મુખ પર ચાંદી પડે તો પ્રદર દેખાય છે. કૃમિ, અસ્વચ્છ ટેવો, અતિ મૈથુનથી પ્રદર થાય છે. તલનું તેલ ગરમ કરી, ઠંડું પાડી ભરી લો. સ્વચ્છ કપડાનું ટેમ્પોન બનાવી આ તેલમાં ભીંજવી યોનિમાં ચઢાવી દો. સાથે દોરો બાંધીને બહાર લટકતો રાખવો. રોજ બે વાર નવું ટેમ્પોન મૂકવું.